# હવાલા કાંડ: ક્રાઈમ બ્રાંચની તપાસ કે તરકટ?

**હવાલાકાંડના** નામે કઈ રાજકીય પાર્ટીનો ગાળિયો ફીટ કરાઈ રહ્યો છે?

**માત્ર** પૂછપરછ અને નિવેદન લેવા સિવાય કોઈ નક્કર કામગીરી અત્યાર સુધી ડીસીબીની ટીમે કરી નથી

સુરતઃ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં વાપરવા માટે આમ આદમી પાર્ટીને દિલ્હીથી આંગડિયા મારફતે એટલે કે હવાલા મારફતે નાણાં સુરતમાં મોકલાતા હોવાની ક્રાઈમ બ્રાંચની કામગીરી નર્યું નાટક ચર્ચામાં છે. કારણ કે આ કિસ્સામાં ક્રાઈમ બ્રાંચની ટીમે નક્કર કામગીરી કરી હોય તેવું અત્યાર સુધી જાણવા મળ્યું નથી. રાજકીય આકાઓને ખુશ કરવા માટે હાલમાં તો આ તપાસ કાર્યવાહીની નાટક કરવામાં આવી રહ્યું છે. ચર્ચા એવી પણ છે કે ચોક્કસ રાજકીય પાર્ટીઓને નિશાન બનાવવા આખી બાજી ગોઠવાઈ હોવાની ચર્ચા છે. ક્રાઈમ બ્રાંચ કહે છે અમે તો જાણવાજોગ નોંધ કરી છે.

ક્રાઈમ બ્રાંચના ડીસીપી ભાવેશ રોજિયાનું કહેવું છે કે છેલ્લે તા. 10મીએ આમ આદમી પાર્ટીના આકાશ મિશ્રા અને અજય તિવારી એક આંગડિયા પેઢીમાં નાણાં લેવા ગયા તે ઘટના સીસી ટીવીમાં કેદ થઈ ગઈ હતી. જે સીસી ટીવીના ફુટેજ પણ ક્રાઈમ બ્રાંચે જાહેર કર્યા હતા. તો પછી સવાલ એ છે કે પોલીસે આકાશ મિશ્રા અને અજય તિવારી સામે તેમજ દિલ્હીથી નાણાં મોકલનારા હિમાંશુ પાહુજા સામે ગુનો કેમ ન નોંધ્યો? ગુનો નોંધી ધરપકડનો દોર શરૂ કરવાની કામગીરી કેમ ન કરી?

ડીસીપીએ એવું પણ કહ્યું હતું કે આંગડિયા પેઢીના સંચાલકનું નિવેદન લેવામાં આવ્યું છે. તો પછી 10મી તારીખે કેટલા નાણાં આવ્યા? એ આંકડા સાથે આકાશ મિશ્રા અને અજય તિવારીને પકડી પાડવા જોઈએ. એટલે કે એ રકમ કબજે કરવી જોઈએ. બિનસત્તાવાર રીતે મળતી માહિતી મુજબ એ રકમ લગભગ રૂ. 19 લાખ હતી.

આંગડિયા મારફતે નાણાં મગાવવા તે કયો ગુનો બને? અને બનતો હોય તો દાખલ કરી દેવો જોઈએને? માત્ર જાણવાજોગની નોંધ કરી હવાલા કાંડની હવા કાઢી નાખી. કારણ કે જાણવાજોગ એટલે ક્રાઈમની દૃષ્ટિએ કોઈ મહત્ત્વની કામગીરી નથી. જાણવાજોગ પણ ઉમરા પોલીસ મથકમાં દાખલ કરવામાં આવી છે.

આ બાબતે ક્રાઈમ બ્રાંચના એસીપી કિરણ મોદીનો સંપર્ક કરતા તેમણે કહ્યું હતું કે ઈન્કમટેક્સ વિભાગને રિપોર્ટ કરી દીધો હોવાથી હવે વધુ તપાસ ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટ કરશે. તો ઉમરાના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.જે. ચૌધરીનું કહેવું છે કે કોઈનું પણ નિવેદન લેવામાં આવ્યું નથી. હવે પછીની તમામ કામગીરી ઈન્કમટેક્સ કરશે.

### ક્રાઈમ બ્રાંચની ટીમ વચ્ચે શા માટે કૂદી પડી?

આ ઘટનાની પ્રથમ જાણકારી ઉમરા પોલીસને મળી હતી. આંગડિયા પેઢીમાં તપાસ તો ઉમરા પોલીસ પણ કરી શકે તેટલી સક્ષમ છે. વળી, જાણવાજોગ પણ ઉમરા પોલીસ મથકમાં જ દાખલ કરવામાં આવી છે તો પછી વચ્ચે ક્રાઈમ બ્રાંચની ટીમ કેમ કૂદી પડી અને મોટા ઉપાડે પ્રેસ કોન્ફરન્સ કરીને જાણકારી આપી વાહવાહી લૂંટી છે.

# પિતાના અવસાનના બીજા જ દિવસે પુત્રનો આપઘાત

**એક** વર્ષ પહેલા માતાનું પણ અવસાન થયું હતું, બાદમાં પિતાના અવસાનથી પુત્ર માનસિક રીતે પડી ભાંગ્યો

સુરતઃ ઉત્રાણમાં પિતાના અવસાનના બીજા દિવસે પુત્રએ ટ્રેનની સામે પડતું મુકીને આપઘાત કરી લીધો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. એક વર્ષ પહેલા માતાનું પણ અવસાન થયું હતું. બાદમાં રવિવારે પિતાનું પણ અવસાન થતાં આઘાતમાં આવી આ પગલું ભર્યું હોવાનું હાલ સામે આવ્યું છે.

મળતી માહિતી મુજબ ઉત્રાણ વિસ્તારમાં આવેલાકૃષ્ણનગરમાં રહેતો 45 વર્ષીય પંકજ રમણભાઈ પારેખ અપરિણીત હતો. અને હાલ બેકાર હતો. એક વર્ષ પહેલા પંકજની માતાનું અવસાન થયું હતું. અને ત્યારથી તે માનસિક તણાવમાંરહેતો હતો. દરમિયાનરવિવારે તેમના પિતાનું પણ અવસાન થયું હતું,

જેનાથી તેઓ વધુ આઘાતમાં આવી ગયા હતા. માતા બાદ પિતાના અવસાનથી પડી ભાંગેલા યુવકે આપઘાત કરવા માટે સવારે ઉત્રાણ રેલવે સ્ટેશન પાસે ટ્રેક પર જોધપુર હડપસર એક્સપ્રેસ ટ્રેનની સામે પડતું મુકીને આપઘાત કરી લીધો હતો. પોલીસે આ બનાવની તપાસ હાથ ધરી છે.

# 'આપ'ના બ્લેક મનીનું પગેરું મેળવવા ઇનકમટેક્સ સક્રિય

**સુરત** ઇનકમટેક્સ ક્રાઈમ બ્રાન્ચ પાસે સંપૂર્ણ પુરાવા સહિતની વિગતો માંગી: ઈડીની એન્ટ્રીની પણ શક્યતાને નકારી શકાય નહીં

**દિલ્હી** અને ગુજરાત વચ્ચેના નાણાકીય નેટવર્કનું વિશ્લેષણ ટેકનિકલ સર્વેલન્સ અને ડિજિટલ ડેટા દ્વારા ફંડ ફ્લો ટ્રેકિંગ કરાશે

સુરતઃ સુરતમાં કરોડો રૂપિયા મોકલવાનાં નેટવર્કનો સુરત ક્રાઈમ બ્રાન્ચ દ્વારા પર્દાફાશ થતા કરોડો રૂપિયાના 'પોલિટિકલ હવાલા કાંડ'ના બ્લેક મની સંદર્ભે સુરત ઇનકમટેક્સ વિભાગે તપાસ શરૂ કરી દીધી છે. જ્યારે આ કેસમાં ઈડીની એન્ટ્રીની પણ શક્યતાને નકારી શકાય નહીં. આ અંગેની પોલીસ કાર્યવાહીની સંપુર્ણ વિગતો ઇનકમટેક્સ વિભાગે પોલીસ પાસેથી માંગી છે.

આ પુરાવાઓના આધારે ઇન્કમટેક્સ વિભાગ હવે બ્લેક મનીના સ્ત્રોત સુધી પહોંચવા અને ગેરહિસાબી નાણાકીય વ્યવહારોની ઊંડાણપૂર્વક તપાસ કરશે. સુરત ઇનકમટેક્સ વિભાગનાં સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ સંપુર્ણ પોલીસ પોલીસ રિપોર્ટ આવ્યાં બાદ આ રાજકીય હવાલા કૌભાંડમાં સંડોવાયેલા શખ્સોના બેંક એકાઉન્ટ, પ્રોપર્ટી અને નાણાકીય લેવડદેવડ, છેલ્લા કેટલાંક વર્ષોના ઇન્કમટેક્સ રિટર્ન અને આવકના સ્ત્રોતનું ઓડિટ, ગેરહિસાબી રોકડ અને હવાલા વ્યવહારો વચ્ચેના લિંક શોધવા માટે ફોરેન્સિક ફાઇનાન્સિયલ એનાલિસિસ, શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન માટે બેનામી સંપત્તિ કાયદા હેઠળ તપાસ કરાશે. તપાસ માત્ર સુરત પૂરતી મર્યાદિત રહે તેવી શક્યતા ઓછી છે. આ જ નેટવર્ક દ્વારા અમદાવાદ, રાજકોટ અને વડોદરા સહિત અન્ય શહેરોમાં પણ નાણાં મોકલાયા હોઈ શકે છે. તેને ધ્યાનમાં રાખીને ઇન્ટર-સ્ટેટ તપાસ ટીમ રચાઈ શકે દિલ્હી અને ગુજરાત વચ્ચેના નાણાકીય નેટવર્કનું વિશ્લેષણ તથા ટેકનિકલ સર્વેલન્સ અને ડિજિટલ ડેટા દ્વારા ફંડ ફ્લો ટ્રેકિંગ કરાશે. ચૂંટણીલક્ષી ગેરકાયદેસર ફંડિંગના એંગલથી મોટા પાયે સમન્સ અને આંતરરાજ્ય તપાસની શક્યતા હોવાથી આગામી દિવસોમાં આ કેસમાં મોટા ખુલાસાઓ થવાની શક્યતા છે.

# ક્રાઈમ બ્રાંચે ન તો ગુનો નોંધ્યો, ન કોઈની ધરપકડ કરી કે ન નાણાં કબજે કર્યાં

**વર્ષો** પૂર્વે તત્કાલીન ડીઆઈજી આશીષ ભાટિયાએ હવાલા મારફતે દેશ વિરોધી પ્રવૃત્તિ કરનારાને નાણાં પહોંચાડાતા હોવાનું પકડી પાડ્યું હતું

સુરતઃ આમ આદમી પાર્ટીના વરિષ્ઠ કાર્યકર દિલ્હીથી આંગડિયા મારફતે સુરતમાં લાખો રૂપિયા મોકલતા હોવાની વાતનો ક્રાઈમ બ્રાંચની ટીમે પર્દાફાશ તો કર્યો પણ આ મામલે ન તો ગુનો નોંધ્યો, ન કોઈની ધરપકડ કરી કે ન રોકડ રકમ કબજે કરી.

માત્ર વાહ વાહ મેળવવા માટે ક્રાઈમ બ્રાંચના નાયબ પોલીસ કમિશનરે પ્રેસ કોન્ફરન્સ કરી આ હવાલા કાંડની જાણકારી આપી. આમાં ક્રાઈમ બ્રાંચે એવી તે શું ધાડ મારી કે નાયબ પોલીસ કમિશનર કક્ષાના અધિકારીએ પત્રકાર પરિષદમાં જાણકારી આપવી પડી?

ખરેખર તો ક્રાઈમ બ્રાંચનું મુખ્ય કામ તો હવાલા મારફતે આતંકવાદી પ્રવૃત્તિ કરનારાઓને સુરતમાંથી નાણાં પહોંચે છે કે કેમ? એ દિશામાં નક્કર કામગીરી કરવી જોઈએ. વર્ષો પૂર્વે એટલે કે લગભગ 2001ના વર્ષમાં સુરત શહેર પોલીસમાં રેન્જ -2 તરીકે ફરજ બજાવતા આશીષ ભાટિયા (હાલ નિવૃત્ત ડીજીપી)એ તેમના કાર્યકાળ દરમિયાન આવા એક નેટવર્કનો પર્દાફાશ કર્યો હતો. જેમાં તે વખતે કાપડના એક વેપારીની શંકાસ્પદ ભૂમિકા સપાટી પર આવી હતી. ચૌટા પુલ નજીક કાપડની દુકાન ધરાવતા આ વેપારીની જે તે વખતે પૂછપરછ પણ કરવામાં આવી હતી. જ્યારે આશીષ ભાટિયાએ આ કામગીરી કરી તે વખતે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપનું અસ્તિત્વ જ ન હતું. જેથી તમામ પ્રકારની કામગીરી ક્રાઈમ બ્રાંચની ટીમે જ કરવાની હતી. હવે તો એસઓજી પણ છે. જેની કામગીરી આ પ્રકારની જ છે. એટલે કે એન્ટિ ટેરેરિસ્ટ સ્ક્વોડની અંદરમાં સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમ કામગીરી કરે છે. તેવા સંજોગોમાં ક્રાઈમ બ્રાંચ ઉપરાંત એસઓજીની ટીમે પણ આવી કોઈ દેશ વિરોધી પ્રવૃત્તિ ચાલતી હોય તો તેનો પર્દાફાશ કરવો જોઈએ.

માત્ર આ રીતે આંગડિયા મારફતે નાણાં આવ્યા હોવાની કામગીરી કરવાનું કામ ક્રાઈમ બ્રાંચનું નથી. પ્રાથમિક માહિતી ઉમરા પોલીસ મથકને મળી તો ઉમરા પોલીસ પણ આ કામગીરી કરવા માટે સક્ષમ જ છે. તો પછી ક્રાઈમ બ્રાંચે વચ્ચે કૂદવાની શી જરૂર હતી. આ અને આવી અનેક બાબતે છે જે ક્રાઈમ બ્રાંચની આ કામગીરીને શંકાના દાયરામાં ખેંચી જાય છે.

# મધપૂડાઓને લીધે ગબ્બરની રોપ વે સેવા બે દિવસ બંધ

**22** અને 23 એપ્રિલે અંબાજીમાં મધપૂડા ઉતારવાની કામગીરી હાથ ધરાશે

ગાંધીનગર : બનાસકાંઠા જિલ્લામાં આવેલા પ્રખ્યાત તીર્થધામ અંબાજી મંદિર ખાતે આગામી 22 એપ્રિલ અને 23 એપ્રિલ 2026ના રોજ ગબ્બર પર્વત પર દર્શન તેમજ રોપ-વે સેવા સંપૂર્ણપણે બંધ રહેશે.

આ અંગે મંદિરના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ઉનાળાની આકરી ગરમીને કારણે ગબ્બર પર્વતના પથ્થરો તથા રોપ-વે ટાવર આસપાસ મોટા પ્રમાણમાં મધપૂડાઓ રચાઈ ગયા છે. આવા સંજોગોમાં મધમાખીઓ અચાનક ઉડીને યાત્રાળુઓ પર હુમલો કરવાની ભીતિ રહે છે. ભૂતકાળમાં પણ આવી ઘટનાઓ નોંધાઈ ચૂકી છે, જેના કારણે યાત્રાળુઓને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને, યાત્રાળુઓના જીવને કોઈપણ પ્રકારનું જોખમ ન રહે તે માટે આ બે દિવસ દરમિયાન વિશેષ ટીમ દ્વારા ગબ્બર પર્વત પરથી મધપૂડાઓ ઉતારવાની અને મધમાખીઓને દૂર કરવાની કામગીરી સઘન રીતે હાથ ધરવામાં આવશે. વહીવટી તંત્ર દ્વારા યાત્રાળુઓને અપીલ કરવામાં આવી છે કે તેઓ આ તારીખોમાં ગબ્બર પર્વત પર જવાનું ટાળે અને સહકાર આપે, જેથી કામગીરી સરળતાથી પૂર્ણ કરી શકાય અને ભવિષ્યમાં સુરક્ષિત રીતે દર્શન સુલભ બની રહે.

'હું થાકીને આવ્યો છું, થોડીવાર સૂઈ જાઉં' કહીને

# સચિન રેલવે સ્ટેશન માસ્ટરની રૂમમાં જઈને આત્મહત્યા

**વર્ષ** પહેલા સચિન રેલવે સ્ટેશન પર નોકરી લાગી હતી

**લગ્નના** પોણા બે વર્ષમાં જ આપઘાત કરી લેતા અનેક ચર્ચા

સુરતઃ સચિન રેલવે સ્ટેશનના માસ્ટરે રવિવારે રાત્રે નોકરી પરથી આવ્યા બાદ રૂમમાં જઈને ફાંસો ખાઈને આત્મહત્યા કરી હોવાની ઘટના સામે આવી છે. નોકરી પરથી આવ્યા બાદ માસ્ટરે પત્નીને કહ્યું કે, હું થાકીને આવ્યો છું, થોડીવાર સૂઈ જાઉં છું, તેમ કહીને રૂમમાં ગયા અને પગલું ભરી લીધું. પારિવારિક તણાવમાં આ પગલું ભર્યું હોવાની શક્યતા પ્રાથમિક માહિતીમાં લાગી રહ્યું છે.

ડિંડોલી પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ બિહારના મોર ગામના વતની અવિનાશ અશોકસિંગ (37 વર્ષ) હાલ ડીંડોલી વિસ્તારમાં આવેલીઉમંગ રેસીડેન્સી વિભાગ-1માં પત્ની યોગીતાકુમારી સાથે રહેતો હતો. અવિનાશ સચિન રેલવે સ્ટેશનમાં સ્ટેશન માસ્ટર તરીકે નોકરી કરતો હતો. અવિનાશના પોણા બે વર્ષ પહેલા જ લગ્ન થયા હતા.

રવિવારે રાત્રે અવિનાશ નોકરી પરથી ઘરે આવ્યો હતો. તેની પત્નીને પેટમાં દુઃખતું હોવાથી તે દવા લઈને આવ્યો હતો. ત્યારબાદ પાણી અને દવા પત્નીને આપીને કહ્યું કે, હું થાકીને આવ્યો છું, થોડીવાર રૂમમાં જઈને સૂઈ જાઉં છું, તેમ કહીને ઉપર પહેલા માળે આવેલારૂમમાં ગયો હતો. દરમિયાન અવિનાશે રૂમમાં પંખા સાથે ચાદર બાંધીને આત્મહત્યા કરી લીધી હતી. જ્યારે પત્ની ઉપરની રૂમમાં આવી બારીમાંથી અવિનાશને ફાંસો ખાધેલી હાલતમાં જોઈ હેબતાઈ ગઈ હતી. ત્યારબાદ તેએ જોરથી બૂમો પાડતા સોસાયટીના લોકો પણ દોડી આવ્યા હતા અને તેઓએ બારી તોડી અંદર પ્રવેશ કરી સારવાર માટે લઈ જવા 108 એમ્બ્યુલન્સને જાણ કરાઈ હતી. જ્યાં સ્થળ પર આવેલ 108ના કર્મીએ અવિનાશને મૃત જાહેર કર્યા હતા.

અવિનાશે કયા કારણોસર આપઘાતનું પગલું ભર્યું તે હાલ અકબંધ રહ્યું છે. પરંતુ પ્રાથમિક માહિતી મુજબ, તે પારિવારિક તણાવમાં આવીને આપઘાતનું પગલું ભર્યું હોવાની શકયતા લાગી રહી છે. આ અંગે ડીંડોલી પોલીસે અવિનાશનો મોબાઈલ ફોન કબજે લઈ તેમજ તેની પત્નીના નિવેદન નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

### નોકરી પર સામાન્ય વ્યવહાર લાગતો હતો

રેલવેના સૂત્રોએ જણાવ્યું હતું કે, રવિવારે અવિનાશની નોકરી સવારે 6 વાગ્યાથી સાંજે 6 વાગ્યા સુધી હતી. આ સમય દરમિયાન તેની સાથે રામપ્રસાદ જે સવારે 6 વાગ્યાથી બપોરના 2 વાગ્યા સુધી અને બપોરે 2 વાગ્યા બાદ લલિત શર્માએ નોકરી કરી હતી. તે સમયે દરમિયાન અવિનાશનો વ્યવહાર એકદમ સામાન્ય અને નોર્મલ હતો. સાંજે 6 વાગ્યા બાદ ઘરે જઈને તેએ રાત્રે 9 વાગ્યાના સુમારે આપઘાત કર્યું હોવાનું સામે આવ્યું હતું. પતિ અને પત્ની બંને એકલા જ રહેતા હતા. તેમજ અવિનાશને 18 એપ્રિલ 2024થી સચિન રેલવે સ્ટેશન માસ્ટર તરીકે નોકરી આપવામાં આવી હતી. જે બે દિવસ પહેલા જ બે વર્ષ પૂર્ણ થયા હતા.

નવી ગ્રાન્ટેડ શાળાઓ ખૂલતી નથી ત્યારે

# ઓડિટ વગર ચાલતી ૩૨ શાળા શિક્ષણ વિભાગની રડારમાં

**ગ્રાન્ટેડ** શાળાઓમાં નાણાકીય ગોટાળા પર શંકા: ૨૦ વર્ષના હિસાબ ખંગાળશે તંત્ર

સુરતઃ શિક્ષણ વિભાગે નાણાકીય વર્ષ ૨૦૦૫-૦૬થી ૨૦૨૨-૨૩ સુધીના તમામ હિસાબોનું પુનઃમૂલ્યાંકન કરવાનો નિર્ણય લીધો છે. આ અંતર્ગત શાળાઓને 'એસેસમેન્ટ રજિસ્ટર' અને 'વસૂલાત રજિસ્ટર' અપડેટ રાખવા તેમજ બાકી રહેલા તમામ ઓડિટ રિપોર્ટ તાત્કાલિક રજૂ કરવા સૂચના આપવામાં આવી છે. વિભાગીય સૂત્રો મુજબ, અનેક શાળાઓમાં વર્ષો સુધી ઓડિટ ન થવાને કારણે ગ્રાન્ટના ઉપયોગ અંગે સ્પષ્ટતા નથી. કેટલીક શાળાઓમાં તો ૨૦૧૦ પહેલાના હિસાબો પણ હજુ સુધી ચકાસાયેલા નથી, જે ગંભીર બેદરકારી ગણાઈ રહી છે. આ સ્થિતિએ કરોડો રૂપિયાની રિકવરી અટવાઈ હોવાની સંભાવના વ્યક્ત થઈ રહી છે. તંત્રે હવે માત્ર ચાલુ શાળાઓ જ નહીં પરંતુ બંધ થઈ ગયેલી અથવા ઈન્ડેક્સ નંબર રદ થયેલી શાળાઓના હિસાબો પણ તપાસ હેઠળ લેવા નિર્ણય કર્યો છે.

૨૦ વર્ષનો સંપૂર્ણ ડેટા એકત્રિત કરીને તબક્કાવાર ઓડિટ પ્રક્રિયા હાથ ધરાશે. આ સમગ્ર મામલે શિક્ષણ વિભાગે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે, ઓડિટ અને રિકવરીમાં બેદરકારી દાખવનાર સંસ્થાઓ સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે. જરૂર પડે ત્યાં બાકી રકમની વસૂલાત માટે કડક પગલાં પણ લેવામાં આવશે.

# પાંડેસરામાં BRTSની અડફેટે આધેડનું મોત

સુરતઃ પાંડેસરામાં BRTS બસચાલકે અડફેટે લેતાં આધેડનું મોત નીપજ્યું હતું.

મળેલી માહિતી મુજબ, પાંડેસરા વિસ્તારમાં આવેલ અપેક્ષા નગરમાં હંસરાજ ગંતયનાથ નાહક (ઉં.વ.48) રહેતો હતો. તે છૂટક મજૂરી કામ કરતો હતો. રવિવારે સાંજે હંસરાજ ચાલતો ચાલતો કામ માટે જઈ રહ્યો હતો. તે સમયે પાંડેસરા કૈલાશ ચોકડી પાસે બીઆરટીએસ બસ ચાલકે હંસરાજને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેથી ગંભીર ઈજાને પગલે તેનું મોત નીપજ્યું હતું. આ અંગે પાંડેસરા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ભરૂચ કલેક્ટરને હાઈકોર્ટનો કડક ઠપકો: 'તમે અભણ જેવું વર્તન કરો છો'

**અમોનિયમ** નાઈટ્રેટ સલામતી કેસમાં અસ્પષ્ટ સોગંદનામા સામે નારાજગી

ભરૂચઃ ગુજરાત હાઈકોર્ટે શુક્રવારે ભરૂચ કલેક્ટર ગૌરાંગ મકવાણાને કડક શબ્દોમાં ઠપકો આપતાં કહ્યું કે, "તમે કલેક્ટર છો, પણ એક અભણ માણસ જેવું વર્તન કરો છો. તમને નિયમોની જાણ નથી અને તમારી પોતાની સત્તાઓ વિશે પણ અજાણ છો."

મુખ્ય ન્યાયાધીશ સુનીતા અગ્રવાલ અને ન્યાયાધીશ ડી.એન.રાયની બેન્ચે જાહેર હિતની અરજી (PIL) પર સુનાવણી કરતી વખતે આ ટિપ્પણી કરી હતી. અરજીમાં ભરૂચ જિલ્લામાં અમોનિયમ નાઈટ્રેટ (વિસ્ફોટક પદાર્થ)ના સંગ્રહ અને પ્રક્રિયા એકમો દ્વારા સલામતી નિયમોના ઉલ્લંઘનનો આરોપ મૂકવામાં આવ્યો છે. કોર્ટે કલેક્ટર દ્વારા દાખલ કરાયેલા અસ્પષ્ટ અને સંતોષકારક ન હોય તેવા સોગંદનામાને ફગાવી દેવાયું હતું. બેન્ચે નોંધ્યું કે, અમોનિયમ નાઈટ્રેટ વર્ષ-2012ના નિયમો પહેલાં પણ વિસ્ફોટક નિયમો, 2008 હેઠળ આવતું હતું અને જૂનાં એકમો માટે સલામતી ધોરણોની અવગણના કરી શકાય નહીં.

કોર્ટે રાજ્ય સરકારના વકીલની પણ ટીકા કરતાં કહ્યું, "તમે અધિકારીઓ માટે મુખપત્ર નથી. આવું અસ્પષ્ટ સોગંદનામું દાખલ કરીને તમે વકીલ હોવા છતાં તેમના મુખપત્ર બનો છો." વકીલે સોગંદનામું પાછું ખેંચીને નવું દાખલ કરવાની મંજૂરી માંગી, જેને કોર્ટે ફગાવી દીધી હતી. કોર્ટે વધુમાં કહ્યું કે, "અમે ધીરજ રાખી રહ્યા છીએ, તેનો અર્થ એ નથી કે તમે અમને હળવાશથી લઈ શકો છો." કોર્ટે અંકલેશ્વરના મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટને તમામ પ્રતિવાદી એકમોનું નવેસરથી નિરીક્ષણ કરવાનો આદેશ આપ્યો છે. જિલ્લા કલેક્ટરને સ્વતંત્ર તપાસ કરીને, ઉલ્લંઘન જણાય તો લેવાયેલી કાર્યવાહીનો અહેવાલ અને નવું સોગંદનામું રજૂ કરવા નિર્દેશ આપ્યો છે.

# ધંધુકાના ચકચારી યુવક હત્યા કેસમાં આરોપીઓના બે દિવસનાં રિમાન્ડ મંજૂર

અમદાવાદ : અમદાવાદ જિલ્લાના ધંધુકામાં 18 એપ્રિલના રોજ સામાન્ય બાબતમાં યુવકની હત્યા કરવામાં આવી હતી. આ ઘટના બાદ અથડામણ થઈ હતી. આ હત્યા કેસમાં પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી આજે તેમને કોર્ટમાં રજૂ કરતા કોર્ટે બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

ધંધુકામાં 18મી એપ્રિલના શનિવારના રોજ બાઈક ઓવરટેક કરવા જેવી નજીક બાબતમાં યુવકની હત્યા કરવામાં આવી હતી. આ મામલે પોલીસે આરોપી રિઝવાન અને સમીરની ધરપકડ કરી હતી. આ બંનેને આજે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે કોર્ટમાં રજૂ કરી કરી રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી. તમામ પક્ષોની દલીલો બાદ કોર્ટે બંને આરોપીઓના બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### શ્રમિકોને દંડા...

સંગઠને ઉપાડી હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે પરંતુ મધરાત્રે આ એસી ટ્રેન રવાના થઇ ત્યારે ભાજપના ખેસ પહેરેલા કેટલાક લોકો કેમેરામાં કેદ થઇ ગયા હતાં.

રવિવારે ઉધના સ્ટેશન પર UP, બિહાર અને ઓડિસાના 21000 થી 25000 હજારથી વધુ શ્રમિકો એક સાથે પ્લેટફોર્મ પર ઉમટી પડ્યા હતા. ટ્રેનોમાં પગ મુકવાની પણ જગ્યા નહોતી. લોકો જીવના જોખમે બારીઓમાંથી અંદર ઘૂસી રહ્યા હતા. પરિસ્થિતિ એટલી હદે વણસી કે પોલીસ પણ ભીડને સંભાળવામાં નિષ્ફળ રહી અને આખરે નિર્દોષ મુસાફરો પર લાઠીચાર્જ કરવામાં આવ્યો. મુસાફરોએ આક્ષેપ કર્યો હતો કે, 'અમે ટિકિટના પૂરા પૈસા ચૂકવ્યા છે, છતાં અમારે ઘેટા-બકરાની જેમ મુસાફરી કરવી પડે છે અને ઉપરથી પોલીસના માર ખાવા પડે છે'. આ ભાગદોડ અને અરાજકતા ને કારણે કેટલાક મુસાફરોએ ટ્રેન ચૂકી જવું પડ્યું અને નિરાશ થઈને ફરી પોતાના રૂમ પર પરત ફરવું પડ્યું હતું. જ્યારે સામાન્ય શ્રમિકો પ્લેટફોર્મ પર પિસાઈ રહ્યા હતા, ત્યારે જ પ્લેટફોર્મ નંબર 5 પરથી ભાજપ દ્વારા આયોજિત 'વોટર્સ સ્પેશિયલ' ટ્રેન 1300 બંગાળી મતદારોને લઈને રવાના થઈ રહી હતી. પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીમાં મમતા બેનર્જીને પછાડવા માટે સુરત બંગાળી સમાજ દ્વારા કરોડોના ખર્ચે સ્પેશિયલ ટ્રેનોનું આયોજન કરાયું છે. આ ટ્રેનોમાં મુસાફરોને ફ્રી ઓફ કોસ્ટ એટલે કે મફતમાં મુસાફરી કરાવવામાં આવી રહી છે. એટલું જ નહીં, સામાન્ય મુસાફરો જ્યારે જનરલ કોચમાં શ્વાસ લેવા માટે ફાંફા મારી રહ્યા હતા, ત્યારે આ સ્પેશિયલ મુસાફરોને AC કોચમાં આરામદાયક સફર કરાવવામાં આવી રહી હતી.શહેરમાં વસતા લાખો શ્રમિકોમાં હવે ચર્ચા છે કે શું રેલવેની સુવિધા માત્ર મતોના સોદા માટે જ છે? ભાજપના નેતાઓ પરિવર્તનની વાતો કરે છે, પણ સુરતના સ્ટેશનો પર શ્રમિકોની જે હાલત થઈ રહી છે તે જોતા લાગે છે કે તંત્રને સામાન્ય માનવીના જીવની કોઈ કિંમત નથી. ભાજપના કાર્યકરો સ્ટેશન પર જય શ્રીરામ અને વંદે માતરમના નારા લગાવી રહ્યા હતા, જ્યારે બાજુના જ પ્લેટફોર્મ પર રોજીરોટી માટે સંઘર્ષ કરતો શ્રમિક પોતાના પરિવાર સાથે પિસાતો હતો. સુરતમાં અંદાજે ૨.૫ લાખથી વધુ બંગાળી કારીગરો વસે છે. ભાજપ આ વોટબેંકને અંકે કરવા માટે તમામ શક્તિ લગાવી રહ્યું છે. ઉદ્યોગ સાથે જોડાયેલા કારીગરોને મફત મુસાફરી કરાવીને બંગાળમાં માહોલ બનાવવાની આ રમત હવે ખુલ્લી પડી ગઈ છે. એક તરફ સામાન્ય જનતા ટ્રેનની ટિકિટ માટે કલાકો સુધી લાઈનમાં ઉભી રહે છે અને કન્ફર્મ ટિકિટ મળતી નથી, ત્યારે રાજકીય પક્ષો માટે આખી ટ્રેનો રાતોરાત કેવી રીતે ફાળવી દેવામાં આવે છે? તેવો વેધક સવાલ ઉઠી રહ્યો છે.જો રેલવે પાસે વધારાના રેક અને એન્જિન ઉપલબ્ધ છે, તો પછી UP-બિહાર જતા સામાન્ય શ્રમિકો માટે સ્પેશિયલ ટ્રેનો કેમ દોડાવવામાં આવતી નથી? શું લોકશાહીમાં સુવિધાનો આધાર માત્ર એ વાત પર છે કે તમે કોને મત આપવાના છો? ઉધના સ્ટેશનની રવિવારની ઘટનાએ સાબિત કરી દીધું છે કે સરકાર માટે સામાન્ય માણસ માત્ર આંકડો છે, જ્યારે મતદાર એ વીઆઈપી મહેમાન છે.

### રેલવે GMએ...

લેવામાં આવશે નહીં.ઉધના બાદ જીએમ પાંડે સુરત રેલ્વે સ્ટેશન પહોંચ્યા હતા. ત્યાં તેમણે વેકેશનની ભીડને પહોંચી વળવા માટે કરાયેલી તૈયારીઓની સમીક્ષા કરી હતી. ખાસ કરીને સુરત સ્ટેશન પર ચાલી રહેલા વર્લ્ડ ક્લાસ પુનર્વિકાસ (Redevelopment) પ્રોજેક્ટ ની પ્રગતિ જોઈ તેમણે સંતોષ વ્યક્ત કર્યો હતો, પરંતુ સાથે જ કામની ગુણવત્તા જાળવી ને સમયસર પૂર્ણ કરવા ભાર મૂક્યો હતો.રેલવેના આ ઉચ્ચસ્તરીય નિરીક્ષણ બાદ હવે આગામી દિવસોમાં ઉધના અને સુરતથી ઉત્તર ભારત તરફ જતી ટ્રેનોમાં મુસાફરોને થોડી રાહત મળે તેવી આશા જાગી છે. જોકે, તંત્રની આ સક્રિયતા ભીડ બેકાબૂ બન્યા બાદ જ કેમ જાગે છે, તેવો ગણગણાટ મુસાફરોમાં જોવા મળ્યો હતો.

### દોષનો ટોપલો...

સ્ટેશનનાં અધિકારીઓને પાણી પીવું હોય તો પણ મુંબઇ ભણી ડોકું રાખીને પુછવું પડે છે. આજે સત્તામાં બેઠેલાં એ જ નેતાઓ છે, જેમણે સુરતને અન્યાય થાય છેની બુમો પાડી ટ્રેનો અટકાવી દેતાં હતા. ડિવિઝન ઓફિસ માટે પણ આજ નેતાઓ આંદોલનો કરતાં હતા. પરંતુ આજે બધા જ ચુપ છે. હદ તો ત્યારે જ થાય છે કે પશ્ચિમ રેલ્વેનુ આંખુ તંત્ર રવિવારની ઘટના ગંભીર ન હોવાનું સાબિત કરવા મંડી પડ્યું છે ત્યારે એ જ નેતાઓની ચુપકીદી રેલ્વે અધિકારીઓને પ્રોત્સાહિત કરતાં હોય તેમ લાગી રહ્યું છે.

### બેંચ નીચે...

બ્લોકમાં પ્રવેશી ગયો હતો અને પોતાની ફાળવેલી બેંચ નીચે ઓપ્પો કંપનીનો F29 મોડલનો મોબાઈલ ફોન ગુપ્ત રીતે ચોંટાડી દીધો હતો. પરીક્ષા ખંડમાં કોઈપણ ઈલેક્ટ્રોનિક ઉપકરણ લઈ જવા પર સખત મનાઈ હોવા છતાં આ ઉમેદવારે હિમ્મત કરી હતી.

પરીક્ષા શરૂ થયા બાદ જ્યારે સાયબર ક્રાઈમના પોલીસ ઈન્સ્પેક્ટર વી. ડી. મંડોરા અને તેમની ટીમ દ્વારા સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું ત્યારે આ યુવકની શંકાસ્પદ હિલચાલ નજરે પડી હતી. તપાસ દરમિયાન બેંચ નીચેથી મોબાઈલ મળી આવતા અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. મોબાઈલ જપ્ત કરી જ્યારે યુવકની પૂછપરછ કરવામાં આવી ત્યારે તેણે ચોરી કરવાના ઈરાદે આ ફોન અગાઉથી ત્યાં છુપાવ્યો હોવાની કબૂલાત કરી હતી. અમરોલી પોલીસે આ મામલે શિવમ વિરુદ્ધ ગુનાહિત પ્રવેશ અને ગેરરીતિ આચરવાના પ્રયાસનો ગુનો દાખલ કર્યો છે. પોલીસે તેની ધરપકડ કરી મોબાઈલ ફોન કબજે લીધો છે અને આ કાવતરામાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તે દિશામાં તપાસ શરૂ કરી છે.

### અબજોનો ખર્ચ...

સેવા માટે અબજો રૂપિયાનો ખર્ચ કરી નાખ્યો પરંતુ સુરતીઓને યોગ્ય રીતે સેવા આજે પણ મળતી નથી. સુરત મહાપાલિકાએ છેક 2007માં સુરત શહેર માટે બસ સેવા શરૂ કરી હતી. તે સમય અને આજની તારીખ. આજે સુરતમાં હાલમાં 850થી વધુ બસો માસ ટ્રાન્સપોર્ટેશનમાં દોડી રહી છે. જેમાં અંદાજે 410 સિટી બસો અને 166થી વધુ BRTS બસોનો સમાવેશ થાય છે. બસની સંખ્યા અનેકગણી થઈ ગઈ પરંતુ આજે પણ તેનું સ્તર ખૂબ જ નીચે રહેવા પામ્યું છે. હાલમાં મહાપાલિકાની ચૂંટણીમાં નેતાઓ મત માંગવા નીકળ્યા છે ત્યારે મતદારોએ ખાસ તેમનો ક્લાસ લેવાની જરૂરીયાત છે. સુરતના અનેક વિસ્તારો એવા છે કે જ્યાં બસ સુવિધા નથી. ઘરથી નીકળીને બસ સુધી પહોંચવા માટે અનેક કોઠા વીંધવા પડે છે. બસની જે હાલત હોય છે તે જોઈને તેમાં બેસવાનું મન પણ નહીં થાય. સવારથી શરૂ કરીને છેક રાત સુધી સવારે જ્યારે બસ સેવા શરૂ થાય ત્યારે બસ અંદર અને બહારથી ગંદી હોય છે. અનેક બસના દરવાજાઓ તૂટેલા હોય છે. બારીઓના ઠેકાણા હોતા નથી. એસી બસ હોવા છતાં પણ તેના દરવાજાઓ બરાબર બંધ થતા નથી અને ભાગ્યે જ એવી બસ છે કે તે ક્યાંથી આવી છે અને ક્યાં જવાની છે? તેની વિગતો ડિસ્પ્લે કરાઈ હોય! આટલું જ નહીં, બીઆરટીએસ બસ સ્ટેન્ડ માટે અડધા કરોડનો ખર્ચ કરવા છતાં પણ આ બસ સ્ટેન્ડમાં કોઈ જ સુવિધા યોગ્ય હોતી નથી. દરવાજાના ઠેકાણાં હોતા નથી અને સાઈડની ગ્લાસ પેનલો પણ તૂટી ગઈ હોય છે.

### બસ સેવા માટે સુરતમાં કરાયેલો ખર્ચ

- » 575 સિટી બસ: રૂપિયા 140 કરોડ
- » બીઆરટીએસ : 469 કરોડ
- » એક બસ સ્ટેશનનો ખર્ચ: 58 લાખ
- » 150 ઈવી બસની ખરીદી: 225 કરોડ
- » ઈવી બસ ચલાવવા માટે સોલાર સહિતનો સ્માર્ટ બસ ડેપો: 1.60 કરોડ
- » 270 સ્વિંગ ગેટ માટે ખર્ચ: 2.37 કરોડ
- » ઈવી બસ ચલાવવાનો ખર્ચ: રૂપિયા 80 પ્રતિ કિ.મી.

### નેતાઓને મતદારો...

ધોવામાં આવતી નથી?

- ■ શા માટે મોટાભાગે બસ અંદર અને બહારથી ગંદી જ હોય છે?
- ■ શા માટે બસ પરના ડિસ્પ્લે પર વિગતો રજૂ કરવામાં આવતી નથી?
- ■ શા માટે બસનું ચોક્કસ ટાઈમટેબલ જાહેર કરવામાં આવતું નથી?
- ■ શા માટે બીઆરટીએસ બસ સ્ટેન્ડની હાલત ખૂબ જ ખરાબ હોય છે?

### બસની હાલત...

ઈચ્છતાં હોય છે પરંતુ જે રીતે બસ ખુદ ગંદી હોય છે અને જે રીતે તેમાં ગંદકી હોય છે તે જોઈને જ તેમાં બેસવાનું જે તે વ્યક્તિને મન થતું નથી. બસ સ્ટેન્ડની હાલત પણ એવી હોય છે કે તેમાં જઈને બસમાં બેસી શકાય. મહાપાલિકા દ્વારા એવો દાવો કરવામાં આવે છે રોજ આશરે અઢી લાખ જેટલા લોકો દ્વારા બસ સેવાનો ઉપયોગ કરવામાં આવે છે. સુરતની 80 લાખથી વધુની વસ્તીમાં જો માત્ર અઢી લાખ લોકો જ બસ સેવાનો લાભ લેતા હોય તો તે મહાપાલિકા અને નેતાઓ માટે ભારે શરમજનક છે.

# રિક્ષામાં પેસેન્જર્સની રોકડ સેરવી લેતી ગેંગનો સાગરીત ઝડપાયો

સુરતઃ એસઓજીની ટીમે રિક્ષામાં પેસેન્જર બેસાડી ચોરી કરતાં અને લાંબા સમયથી નાસતાફરતા એક રીઢા આરોપીને બાતમીના આધારે ભેસ્તાન વિસ્તારમાંથી ઝડપી પાડ્યો છે. પકડાયેલા આરોપીએ ખટોદરા પોલીસમથકની હદમાં બનેલી બે ચોરીની કબૂલાત કરી છે. એસઓજી પોલીસે બાતમીના આધારે ભેસ્તાન આવાસ ગેટ નં-૧ પાસેથી અસ્લમુદ્દીન ઉર્ફે મનુ ઉર્ફે બડામનુ રફીકુદ્દીન કાઝી (ઉં.વ.૩૨, ધંધો-વેલ્ડિંગ, રહે., બી/૧ રૂમ નં-૧૪ એસ.એમ.સી.આવાસ, ભેસ્તા,)ને દબોચી લીધો હતો. બે મહિના અગાઉ તેણે તેના સાગરીતો સાથે મળી સહારા દરવાજા પાસેથી એક પેસેન્જરને રિક્ષામાં બેસાડ્યો હતો અને તેની નજર ચૂકવી રૂ.૧૫,૦૦૦ ની રોકડની ચોરી કરી હતી. આ ઉપરાંત, માત્ર દસ દિવસ પહેલાં જ ભટાર ચાર રસ્તા પાસેથી એક મુસાફરને નિશાન બનાવી તેની પાસેથી રૂ.૧૨,૦૦૦ સેરવી લીધા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે આ પ્રકારની ગેંગ અગાઉ પણ પકડાઈ ચૂકી છે. છતાં નવા નવા આરોપીઓ મેદાનમાં આવે છે.